Extra No. 272

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] WEDNESDAY, SEPTEMBER 24, 2025 / ASVINA 2, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-ધાનેરા-યુનીટ-પ-૨૦૨૫.

ધાનેરા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ,૧૯૬૩ની(જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે)કલમ-૬ ની પેટા કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ-૬ની, પેટાકલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ(એમેડમેન્ટ) એકટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરવામાં આવેલ છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.રાજ્ય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૫માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ ૬(૩) ના પેટા ખંડ (ગ) મુજબ બેઠકોની કુલ સંખ્યાના ૨૭ ટકા સુધીની મર્યાદામાં બેઠકો પછાત વર્ગ માટે અનામત રાખવાની છે. આ અંગે ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (ગુજરાત-૧૭ ઓફ ૨૦૨૩), તા.૨૯/૦૯/૨૦૨૩થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.આ અંગે વોર્ડની સંખ્યા તથા બેઠકો (અનામત બેઠકો સહિત)ના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા જાહેરનામાં બહાર પાડવામાં આવેલ છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ તથા કલમ ૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: ક્રમાંક: KV 170 of 2025 UDUHD/MSM/e-file/18/2025/0460/M, તા.૧૨/૦૫/૨૦૨૫થી જેનો હવે પછી જાહેરનામાં તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, ધાનેરા શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૧૧ ની વસ્તીગણતરીના આંકડાના આધારે ધાનેરા નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૮ બેઠકો નક્કી કરેલ છે. વિભાગે જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક KV 170 of 2025 UDUHD/MSM/e-file/18/2025/0460/M, તા.૧૨/૦૫/૨૦૨૫થી અધિનિયમની કલમ-૨૭૭ ની પેટાકલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૫ કે જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૪. નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહીં. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ % ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૫. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૧૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૨૭૯૫૪ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩૯૯૩ની થાય છે.

૬. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારીઓ/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % વસ્તીના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૭. શહેરના ૭ વોર્ડોનું નિયમ-૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૮. નિયમોના નિયમ (સુધારા)-૪ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સીલર ચૂંટવાના છેતેમજ નિયમોના (સુધારા) નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામાં મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૯. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોનાં ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠકો સહિત)ની બેઠક જે તેવર્ગની જે વોર્ડમાં વધુમાંવધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનુંધોરણ નિર્ધારીત કરવાનું થાય.વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો-૧૯૯૪ના નિયમ-૬ (ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસ્તીની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નક્કી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા, છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૦. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૪ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. અને ૪ બેઠકો પૈકી ૨ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે.

૧૧. સને ૨૦૧૧ ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૭ સૂચિત વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૪	૪૫૯૫	૧૫૬૯	૩૪.૧૨

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી
૨	૫	૪૩૨૩	૯૪૫	૨૧.૮૬
૩	૩	૪૦૨૫	૮૦૭	૨૦.૦૫
૪	૧	૩૯૨૬	૪૬૬	૧૧.૮૭
૫	૭	૪૧૫૪	૪૦૬	૯.૭૭
૬	૨	૪૦૦૩	૧૨૭	૩.૧૭
૭	૬	૪૫૫૫	૨૮	૦.૬૨
કુલ		**૨૯૫૭૮**	**૪૩૪૬**	**૧૪.૬૯**

૧૨. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારી ના ક્રમ મુજબ વોર્ડ નં=૪, ૫, ૩, ૧, ૭, ૨, ૬, માં નિયમોના નિયમ-૬ (ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૩. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત: આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતા વોર્ડ નં.૫, ૧ અને ૨ માં અનુસૂચિતજાતિ સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની બેઠક (આ વર્ગની સ્ત્રી બેઠક સહિત) વોર્ડ નં ૪, ૫, ૩ અને ૧માં નિયમોના નિયમ-૬(ક) હેઠળ આ વર્ગની બેઠકોની ફાળવણી નીચે પ્રમાણે કરવાની થાય છે.

વોર્ડ નંબર	બેઠક
૪	અનુસૂચિત જાતિ
૫	અનુસૂચિત જાતિ સ્ત્રી
૩	અનુસૂચિત જાતિ
૧	અનુસૂચિત જાતિ સ્ત્રી

૧૫. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે. ૧ બેઠક અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે અને ૧ બેઠક પૈકી ૧ બેઠક અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે.

૧૬. સને. ૨૦૧૧ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત આદિજાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૩	૪૦૨૫	૫૩૦	૧૩.૧૭
૨	૨	૪૦૦૩	૨૪૯	૬.૨૨
૩	૫	૪૩૨૩	૧૩૧	૩.૦૩
૪	૭	૪૧૫૪	૮૭	૨.૦૯
૫	૬	૪૫૫૫	૨૮	૦.૬૧
૬	૪	૪૫૯૨	૧૧	૦.૨૫
૭	૧	૩૯૨૬	૬	૦.૧૫
કુલ		**૨૯૫૭૮**	**૧૦૪૨**	**૩.૫૨**

૧૭. આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ નં.૩ માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ-૬(ક) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનુસૂચિત આદિજાતિ સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત: આ

વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં આ વર્ગની સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં.૨માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય છે.

૧૮. અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નં-૩ માં નિયમોના નિયમ-૬ અન્વયે નીચે પ્રમાણે ફાળવણી કરવા થાય છે.

વોર્ડ નંબર	બેઠક
૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

૧૯. જાહેરનામા અન્વયે ૮ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૪ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૬(ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેક્ટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

૨૦. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે. ૭૮ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. અને. ૮ બેઠકો પૈકી ૪ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. ધાનેરા નગરપાલિકાના સૂચિત ૭ વોર્ડોની વસ્તી પછાતવર્ગની અંદાજીત વસ્તી અને તેની ટકાવારી ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પછાતવર્ગની કુલ અંદાજીત વસ્તી	વોર્ડની વસ્તી સામે પછાતવર્ગની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૧	૩૯૨૬	૧૭૯૦	૪૫.૫૯
૨	૨	૪૦૦૩	૧૨૮૦	૩૧.૯૮
૩	૩	૪૦૨૫	૧૨૩૦	૩૦.૫૬
૪	૭	૪૧૫૪	૮૭૦	૨૦.૯૪
૫	૫	૪૩૨૩	૭૧૦	૧૬.૪૨
૬	૪	૪૫૯૨	૫૫૦	૧૧.૯૮
૭	૬	૪૫૫૫	૫૪૦	૧૧.૮૬
કુલ		**૨૯૫૭૮**	**૬૯૭૦**	**૨૩.૫૬**

૨૧. પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૧, ૨, ૩, ૭, ૫, ૪ અને ૬માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી બીજા ક્રમે વોર્ડ નં-૧, ૩, ૫, અને ૬માં પછાતવર્ગની અને વોર્ડ નં.૨, ૭, ૪ અને ૧ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય.

વોર્ડ નંબર	બેઠક
૧	પછાતવર્ગ
૨	પછાતવર્ગ સ્ત્રી
૩	પછાતવર્ગ
૭	પછાતવર્ગ સ્ત્રી
૫	પછાતવર્ગ
૪	પછાતવર્ગ સ્ત્રી

વોર્ડ નંબર	બેઠક
૬	પછાતવર્ગ
૧	પછાતવર્ગ સ્ત્રી

૨૨.(૧) ભારતના બંધારણના અનુચ્છેદ-૨૪૩-વક, ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩, તથા તે હેઠળ બનેલા નિયમો તથા શહેરી વિકાસ વિભાગના તા.૨૧-૦૬-૨૦૨૫ના જાહેરનામામાં કરેલ જોગવાઈઓનો અમલ કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂએ નગરપાલિકાઓની આગામી સામાન્ય ચૂંટણી માટે નગરપાલિકાઓના વોર્ડોમાં બેઠકોની વારાફરતી ફાળવણી કરવા નીચે મુજબના માર્ગદર્શક સિધ્ધાંતો/માપદંડ નક્કી કરવા રાજ્ય ચૂંટણી આયોગે તા-09/09/2025.થી આદેશ કરવામાં આવેલ છે.

(ક) જે નગરપાલિકાઓ માટે કેટલાક ઉમેરાયેલા વિસ્તારો બાદ ૨૦૧૧ ની વસ્તી ગણતરી પ્રમાણે વોર્ડ સીમાંકન (અનામત બેઠકોની ફાળવણી સહિત) કરવાનું છેતેવી નગરપાલિકાઓમાં અગાઉ ૨૦૧૫ની સામાન્ય ચૂંટણી/૨૦૨૧ની સામાન્ય ચૂંટણી વખતે કરેલ વોર્ડ સીમાંકન (અનામત બેઠકોની ફાળવણી સહિત) ના વોર્ડ નંબર/વોર્ડના નામ મહદઅંશે સરખા (૫૦ ટકા તેથી વધુ) વિસ્તારના હોય તો, તે નવા વોર્ડ સીમાંકન વખતે અનામત બેઠકોની ફાળવણી સમયે, અનામત બેઠકો પુનરાવર્તીત ન થાય, તે રોટેશન કરતી વખતે ધ્યાનમાં લેવાનું રહેશે. મતલબ કે નવા સીમાંકન બાદ જો વોર્ડ રચનામાં આંતરિક ફેરફાર થતા (એટલે કે ૫૦ ટકાથી ઓછા) હોય તો તે ધ્યાને લેવાના રહેશે નહિ. તે મુજબ હદમાં ફેરફાર થયેલ નગરપાલિકાઓની હવે પછી યોજાનાર સામાન્ય ચૂંટણીઓ માટે કાયદા/નિયમોની જોગવાઈઓને અનુરૂપ વારાફરતી બેઠકો ફાળવણી કરવાની રહેશે.

(ખ) સને ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે શહેરી વિકાસ વિભાગ દ્વારા હદમાં ફેરફાર થવાના કારણે ઉમેરાયેલા વિસ્તાર માટે નગરપાલિકાના વોર્ડ સંખ્યા/અનામત બેઠકો સહિત નક્કી થયા મુજબ રાજ્ય ચૂંટણી આયોગે કરેલ વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની કરવાના થતાં ફાળવણીના આદેશોમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠક છેલ્લા સીમાંકનમાં ફાળવાયેલ હોય, તે પુનરાવર્તીત થતી હોય તો, તેના ઉતરતા ક્રમમાં ત્યાર પછીના ખાસ ક્રમાંકને બેઠક ફાળવણી અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠકો અને આ વર્ગની સ્ત્રીને બીજાક્રમે રાખીને બેઠક ફાળવવાની રહેશે.

(ગ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ બેઠકોનું વારાફરતી ફાળવણી કર્યા બાદ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠક છેલ્લા સીમાંકનમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની વસ્તી માટે કરવામાં આવેલ સર્વે અને સર્વે મુજબ વોર્ડવાર નિયત થયેલ ટકાવારીના ક્રમ મુજબ બેઠક ફાળવાયેલ હોય તેની પછીના ક્રમમાં અને રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી નક્કી કરેલા માપદંડ અનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગમાં સ્ત્રીને બીજા ક્રમે આપી બેઠક ફાળવવાની રહેશે.

શહેરી વિકાસ વિભાગના તા.૨૧-૦૬-૨૦૨૫ના જાહેરનામાથી નિયમ-૭માં થયેલ સુધારાની જોગવાઈ અને રાજ્ય ચૂંટણી આયોગના તા-૦૯-૦૯=૨૦૨૫ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાત વર્ગ તથા સ્ત્રીઓ માટે અનામત બેઠકો વારાફરતી ફાળવણી નીચે મુજબ કરવામાં આવે છે.

વોર્ડ નં-૪, ૩, ૫, ૧માં અને ૨૦૧૮ની સામાન્ય ચૂંટણી વખતે અનુસૂચિત જાતિની બેઠક ફાળવેલ હોય તે બેઠક પુનરાવર્તીત થતી હોય આ વોર્ડમાં બેઠક ફાળવવામાં આવેલ નથી. અનુસૂચિત જાતિની બેઠકો નીચે મુજબ ફાળવવામાં આવે છે.

અનુસૂચિત જાતિ માટે ફાળવેલ બેઠકો

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૫	૭	અનુસૂચિત જાતિ
૨	૬	૨	અનુસૂચિત જાતિ સ્ત્રી
૩	૭	૬	અનુસૂચિત જાતિ
૪	૧	૪	અનુસૂચિત જાતિ સ્ત્રી

વોર્ડ નં -૩ માં ૨૦૧૮ની સામાન્ય ચૂંટણી વખતે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવેલ હોય તે બેઠક પુનરાવર્તીત થતી હોય આ વોર્ડમાં બેઠક ફાળવવામાં આવેલ નથી આથી અનુસૂચિત આદિજાતિની બેઠકો નીચે મુજબ ફાળવવામાં આવે છે.

અનુસૂચિત આદિજાતિ માટે ફાળવેલ બેઠકો

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૩	૫	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

રાજ્ય ચૂંટણી આયોગના તા-૦૯-૦૯=૨૦૨૫ના આદેશ મુજબ પછાત વર્ગની બેઠકો નીચે મુજબ ફાળવવામાં આવે છે.

પછાતવર્ગની ફાળવેલ બેઠકો

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૩	૩	પછાતવર્ગ
૨	૪	૭	પછાતવર્ગ સ્ત્રી
૩	૬	૪	પછાતવર્ગ
૪	૭	૬	પછાતવર્ગ સ્ત્રી
૫	૧	૧	પછાતવર્ગ સ્ત્રી
૬	૨	૨	પછાતવર્ગ
૭	૩	૩	પછાતવર્ગ સ્ત્રી
૮	૫	૫	પછાતવર્ગ

૨૩. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૪. સમગ્રત: તમામ પાસાઓનો અભ્યાસ કરીને ધાનેરા નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૫. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૬. અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે અને અનુસૂચિ-૨માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નંબર-૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એકનકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રીને આપવાની રહેશે.મુદત પુરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજ્ય ચૂંટણી આયોગ ધાનેરા નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-ધાનેરા.યુ-પ-૨૦૨૫ તા.૨૪/૦૯/૨૦૨૫નું બિડાણ.

અનુસૂચિ-૧

ધાનેરા નગરપાલિકા, જિ.બનાસકાંઠા

વોર્ડ નં-૧

ધાનેરા નગરપાલિકા, જિ.બનાસકાંઠા

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, સત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા.વસ્તી	અ.જ.જા.વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૨	૦	૦	૪૫૦	૧ થી ૮૧	અંબાજી મંદિર વિસ્તાર ખત્રી શેરી, મોચીનાળા, પ્રજાપતિવાસ, મોદીવાસ
	૩	૦	૦	૬૪૫	૧ થી ૧૧૭	ધાખા દરવાજા મોચીવાસ સેધોઈ માતા મંદીર વિસ્તાર, લુહારવાસ, પટેલવાસ પદમાવતી મંદીર વિસ્તાર
	૫	૦	૦	૯૯૧	૧ થી ૧૪૯	પટેલવાસ, દૂધ ડેરી, આંબલીશેરી, ગેરાનું ચોટુ, મોચીનાળા સુધી
	૬	૦	૦	૪૯૫	૧ થી ૭૫	પ્રજાપતિવાસ, મોદીવાસ, નાઈવાસ, પટેલવાસ
	૩૦/૧	૩૦૬	૬	૫૯૯	૧ થી ૧૦૩	શીવનગર વિસ્તાર
	૩૦/૨	૧૬૦	૦	૭૬૬	૧ થી ૧૩૭	શીવનગર વિસ્તાર
		૪૬૬	૬	૩૯૨૬		

: હદનું વર્ણન :-

(૧) વોર્ડ નં.૧ ના સ.નં.-૪૭૭ ના વાયવ્ય ખુણાથી શરૂ કરી સ.નં.૪૭૭ ની ઉત્તરે હદે સ.નં.૪૭૮ની ઉતરે થઈ પૂર્વ તરફ સ.નં.૪૭૯, ૪૮૦, ૪૭૩, ૪૭૨, ૪૬૯, ૫૨૯ના રોડ હદેથી ઉતર દિશા તરફ સ.નં.૪૬૭ ના અગ્નિ ખૂણે સ.નં.૫૨૭ ના પૂર્વ હદે દક્ષિણ તરફ આગળ જતા થરાદ તરફ જતા નેનાવા રોડને ક્રોસ કરી એમ.વી.મહેતા હોસ્પિટલની પશ્ચિમ તરફ રસ્તે આગળ વધતા મોચીવાસના ઈશાન તરફ જતા રસ્તે રસ્તે આગળ જતા પદમાવતી મંદિરની પૂર્વ તરફ ઈશાન ખુણેથી દક્ષિણ તરફ રસ્તે રસ્તે પ્રજાપતિવાસ,નાઈવાસ,પટેલવાસ તરફના રસ્તે રસ્તે આગળ વધતા અંબાજી મંદિરના પશ્ચિમે દિશા થઈ ખત્રી શેરીએ રસ્તે રસ્તે થઈ ડી.બી.પારેખ હાઈસ્કુલની ઉતર દિશાએ થઈ નેનાવા રોડની પશ્ચિમ દિશા તરફ રોડે રોડે આગળ વધતા દુધ ડેરીના દક્ષિણ તરફ થઈ થરાદ રોડ તરફ રોડે રોડે આગળ વધતા શીવનગના દક્ષિણ તરફે આવેલ સ.નં.૩૮૯, ૩૮૮, ૩૮૫, ૩૮૪, ૩૮૩, ૩૮૦, ૩૭૯, ૩૭૮, ૩૭૭ અને ૩૭૫ ની પશ્ચિમ તરફે થઈ ઉતર તરફે. સ.નં. ૪૧૦, ૪૧૧, ૪૧૨, ૪૩૯, ૪૪૦, ૪૪૧ અને ૪૪૨ ની પ્રશ્ચિમે થઈ વાયવ્ય દિશાએ આગળ વધતા સ.નં.૪૪૪, ૪૪૫, ૪૫૨, ૪૫૩, ૪૫૪, ૪૭૫, ૪૭૬ની આગળ વધતા સ.નં.૪૭૭ ના વાયવ્ય ખૂણા સુધીનો તમામ સમાવિષ્ટ વિસ્તાર.

વોર્ડ નં-૨

ધાનેરા નગરપાલિકા, જિ.બનાસકાંઠા

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, સત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા.વસ્તી	અ.જ.જા.વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૧	૦	૦	૩૩૫	૧ થી ૫૮	શીવ મંદીર, પથ્થર સડક બ્રાહમણવાસ, શાંતિબજાર, ગુરૂમંદિર વિસ્તાર
	૪	૭૫	૦	૩૦૪	૧ થી ૫૯	જુના ટેલીફોન એક્ષેન્જ, પથ્થર સડક, જૈન દેરાસર, મેમણ વાસ, લીમડા ચોક, શીશુ મંદીર
	૯	૧૨	૦	૭૬૭	૧ થી ૧૩૩	એમ. વી. મહેતા હોસ્પિટલ પાછળનો વિસ્તાર, રાજપુતવાસ, ખેતલાબાપજી મંદીર વિસ્તાર
	૧૦	૫	૯	૭૮૬	૧ થી ૧૪૭	ચબુતરા શેરી, હનુમાન શેરી, ઢુલાવાળી શેરી, રાજપુત વાસ
	૧૧	૧૩	૦	૪૪૫	૧ થી ૯૬	ઠાકુર મંદીર, મહેતાવાસ, બારોટવાસ, નાઈવાસ, કન્યાશાળા જૈન ભોજન શાળા વિસ્તાર
	૧૨	૨૨	૯	૪૬૬	૧ થી ૧૨૫	કન્યાશાળા, નવી પોલીસ ચોકી, રાજપુતવાસ, પોલીસ કવાર્ટર્સ, ભટીયાણી માતા મંદીર વિસ્તાર, દરજી શેરી
	૧૩	૦	૨૩૧	૯૦૦	૧ થી ૧૫૭	કોટડાવાસ, વેપારીવાસ
		૧૨૭	**૨૪૯**	**૪૦૦૩**		

-: હદનું વર્ણન :-

(૨) વોર્ડ નં.૨ના સ.નં.૫૦૨ ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી રે.સ.નં.-૫૦૨ ની ઉત્તર હદે સ.નં.-૫૦૩ની ઉતરે થી પૂર્વ તરફ જતા સ.નં.૫૧૯ની ઉતરેથી પૂર્વ તરફ આગળ વધતા સ.નં.૨૭ ની ઉતર દિશાએ થઈ ઈશાન તરફ આગળ વધતા સ.નં.૨૮ પૈકીની ઉતરે પૂર્વ તરફ આગળ વધતા રેલ્વે લાઈન ક્રોસ કરી સ.નં.૨૮ની ઉતર પૂર્વ તરફ આગળ જતા સ.નં.૨૯ની ઉતરે થઈ સ.નં.૩૦ ની ઉતરે થઈ પૂર્વ તરફ આગળ જતા સ.નં.૩૧ની પૂર્વથી આગળની દિશા તરફ જતા અગ્નિ ખુણા તરફ સ.નં.૩૨ અને ૩૩ ના અગ્નિ ખુણા તરફથી સ.નં.૩૪ ની અગ્નિ દિશાએ થી આગળ વધતા સ.નં.૩૪ ની દક્ષિણ દિશા તરફ આગળ વધતા સ.નં.૨૦, ૧૯, ૧૦, ૯ પૈકી ની દક્ષિણ દિશાએ નૈઋત્ય તરફ આગળ જતા રેલ્વે લાઈન ક્રોસ કરી સ.નં.૯૬ ની દક્ષિણે નૈઋત્ય તરફ આગળ જતા સ.નં.૫ની દક્ષિણે નૈઋત્ય તરફ આગળ વધતા ભીલવાસની પશ્ચિમ દિશાએ થઈ કોટડાવાસ,ઢુલાશેરી પ્રશ્ચિમે થઈ દક્ષિણ તરફ આગળ વધતા યાત્રિક ભુવનની પશ્ચિમ તરફે થઈ ઠાકુર મંદિરના ધ્વારે થઈ આગળ વધતા બારોટવાસની પૂર્વ તરફ આગળ વધતા બ્રાહમણવાસની પુર્વે થઈ દક્ષિણ તરફ આગળ વધતા વરૂણિ માતાના પૂર્વ થઈ દક્ષિણ તરફ આગળ વધતા ગોપાળીના દુકાનની પૂર્વથી દક્ષિણ તરફ રસ્તે રસ્તે આગળ વધતા મેમણશેરીએ ડો.ખત્રી ના દવાખાનાની પૂર્વએ આગળ વધતા લીમડા ચોકની પશ્ચિમ તરફે અંબાજી મંદિર તરફના રસ્તે રસ્તે આગળ વધતા અંબાજી મંદિરની ઉતર દિશાએ આગળ વધતા ગેરાના ચોટે થઈ ઉતર દિશાએ રસ્તે રસ્તે આશાપુરી માતાના મંદિરની પશ્ચિમ દિશા તરફ આગળ જતા એમ.વી.મહેતા હોસ્પી. ની નૈઋત્વ ખૂણે થી નેનાવા રોડ તરફ આગળ જતા નેનાવા રોડ ક્રોસ કરી સર્વે નં-૧ ની પશ્ચિમ દિશાએ સર્વે નં-૪૮૮, ૪૮૭, ૪૮૪, ૪૮૨ અને ૪૮૧ ની વાયવ્ય ખુણેથી ઉતર દિશા તરફ આગળ વધતા સર્વે નં.૪૮૩, ૪૮૫, ૪૯૧, ૪૯૩, ૪૯૭ અને ૪૯૮ ના વાયવ્ય ખુણેથી ઉતર દિશાએ આગળ વધતા સર્વે.નં.૪૯૯ ની પૂર્વે થઈ સર્વે નં-૫૦૨ના વાયવ્ય ખૂણા સુધી સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં-૩

ધાનેરા નગરપાલિકા, જિ.બનાસકાંઠા

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, સત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા.વસ્તી	અ.જ.જા.વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૭	૦	૦	૧૯૪	૧ થી ૪૦	સાંઈવાસ, જુના બસ સ્ટેન્ડ, લાઈબ્રેરી, મેમણ શેરી, નગરપાલિકા વિસ્તાર
	૮	૫૨૨	૦	૫૩૫	૧ થી ૮૯	જવાહરચોક, હરીજનવાસ, બાલવાટીકા
	૧૪	૦	૨૮૫	૫૮૨	૧ થી ૯૫	ભીલવાસ, ચરેડા વિસ્તાર, વેપારીવાસ, ભરથરી વાસ વિસ્તાર
	૧૫	૦	૭૩	૫૨૧	૧ થી ૧૦૪	વોરવાસ
	૧૬	૦	૦	૩૫૧	૧ થી ૫૬	વેપારીવાસ, જુની સ્ટેટબેંક, મેમણચાલી
	૧૭	૦	૧૧૭	૮૪૫	૧ થી ૧૪૨	ઉચપાળીયા તળાવ વિસ્તાર, બારોટવાસ, માળીવાસ, ભીલવાસ
	૧૮	૨૫૯	૩૧	૭૭૪	૧ થી ૧૩૬	સુર્યનગરી, રેલ્વે કોલોની વિસ્તાર
	૧૯	૦	૦	૩૭	૧ થી ૧૨	માર્કેટ યાર્ડ
	૨૨	૧૨	૧૦	૪૪	૧ થી ૮	કેશવ કોમ્પલેક્ષ, જુના મહાજન, શાક માર્કેટ, ગંજરોડ, અંબીકાનગર શોપીંગ, ગંજ બજાર, માર્કેટ યાર્ડ,
	૨૮	૧૪	૧૪	૧૪૨	૧ થી ૩૦	નેનાવારોડ, જુના બસ સ્ટેન્ડ, સરકારી દવાખાનું, મધુસુદન માર્કેટ, કોટેજ, હરીઓમ શોપીંગ, શીતલ શોપીંગ, શ્રીરામ શોપીંગ, સુપર માર્કેટ, પંચરત્ન શોપીંગ, ધરણીધર શોપીંગ વિસ્તાર
		૮૦૭	૫૩૦	૪૦૨૫		

: હદનું વર્ણન :-

(૩) વોર્ડ નં.૩ના સ.નં.૪ના વાયવ્ય ખુણે થી ઉતર તરફ જતા માલોત્રા તરફ જતા રોડના રસ્તે રસ્તે સ.નં.૭૬, ૭૫ પૈકી, સ.નં.૭૪ ના ઉતર દિશાએ રેલ્વે લાઈથી ઈશાન ખુણેથી પૂર્વ તરફ જતા સ.નં.૭૪ પૈકી, ૭૩, ૫૦, ૪૯ અને ૩૫ ની પૂર્વ દિશાએ અગ્નિ ખુણા તરફ જતા સ.નં. ૩૬ થી ૩૮ ના પૂર્વ દિશાએ સ.નં.૩૯ના ખુણા થી દક્ષિણ તરફ જતા સ.નં.૪૦ થી ૪૩, ૫૯ થી ૬૨ સુધીના દક્ષિણ દિશાએ ફતેપુરા માર્ગ ક્રોસ કરી દક્ષિણ દિશાએ જતા સ.નં.૧૦૭, ૧૨૯, ૧૩૦ ના નૈઋત્ય ખુણે પશ્ચિમ દિશાએ જતા સ.નં.૧૩૧, ૧૨૮, ૧૨૭, ૧૨૫, ૧૧૪ના દક્ષિણે થઈ પશ્ચિમ તરફ આગળ વધતા રેલ્વે લાઈન ક્રોસ કરી રેલ્વે કોલોની, સુર્યનગરીનો હદ વિસ્તાર થઈ એ.પી.એમ.સી.(ગંજબજાર) ના અગ્નિ ખુણે થઈ પશ્ચિમ તરફ રસ્તે રસ્તે આગળ વધતા એ.પી.એમ.સી.મુખ્યધ્વારે થઈ અંબિકા શોપીંગના અગ્નિ ખુણે થઈ રસ્તો ક્રોસ કરી દક્ષિણ તરફ ગણેશ શોપીંગની પૂર્વ દિશાએ થઈ રસ્તે રસ્તે કોટેજ થઈ રસ્તો ક્રોસ કરી ડીસા હાઈવે દક્ષિણ તરફ રસ્તે રસ્તે આગળ જતા શીતલ શોપીંગના અગ્નિ ખુણે થઈ શીતલ શોપીંગની દક્ષિણ દિશાએ થઈ પશ્ચિમ તરફ આગળ વધતા નૈઋત્ય ખુણા થી ઉતર તરફ શ્રીરામ શોપીંગ, સુપર માર્કેટ, દેવદર્શનના પાછળ થઈ ધરણીધર શોપીંગના વાયવ્ય ખુણેથી રસ્તો ક્રોસ કરી મધુસુદન માર્કેટના પશ્ચિમે થઈ ઉતર તફર આગળ જતા જુના બસ સ્ટેન્ડની પશ્ચિમે થઈ

નેનાવા રોડ તરફ જતા ખત્રી શેરી થઈ અંબાજી મંદિર ચોક થી પૂર્વ તરફ લીમડા ચોક થી ઉતર તરફ મેમણ શેરી થઈ ઉતર તરફ રસ્તે રસ્તે આગળ જતા બ્રામણવાસ, ઠાકોર મંદિરના પૂર્વથી ઉતર તરફ જતા યાત્રીક ભુવનના ચોક પાસે થઈ રસ્તે રસ્તે થઈ ઉતર તરફ ભીલવાસમાં અમથાભાઈ ભીલના ઘર પાસે થઈ ભરથરીવાસ, વેપારી વાસ થઈ માળીવાસ ગોગબાપજીના મંદિર થઈ વાયવ્ય ખુણામાં આવેલ રે.સ.નં. ૪ ના વાયવ્ય ખુણા સુધીનો સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં-૪

ધાનેરા નગરપાલિકા, જિ.બનાસકાંઠા

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક સત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા.વસ્તી	અ.જ.જા.વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૨૦	૨	૦	૬૦૮	૧ થી ૧૦૫	સુદામાપુરી, શીવમંદીર વિસ્તાર
	૨૧	૧૪	૦	૪૦૨	૧ થી ૯૧	લીલાશાહનગર, શીવાજી એસ્ટેટ, કોટેજ વિસ્તાર, શાલીભદ્ર શોપીંગ વિસ્તાર
	૨૪	૨૭૬	૦	૪૧૫	૧ થી ૭૮	આંબેડકર, રામાપીર મંદીર વિસ્તાર
	૨૫/૨	૩૧૬	૦	૪૭૫	૧ થી ૭૮	ઓડવાસ, રામાપીર મંદીર વિસ્તાર
	૨૬	૧૨૮	૦	૩૪૭	૧ થી ૬૨	લાધાપુરા પ્રા.શાળા વિસ્તાર, તુરીવાસ
	૨૭	૫૧	૦	૪૬૩	૧ થી ૮૭	ઠાકોરવાસ, પટેલ સોસાયટી, ઠક્કર સોસાયટી વિસ્તાર.
	૨૯	૪૦૦	0	૪૬૭	૧ થી ૯૪	વાલ્મીકીવાસ, આર.એસ.હોસ્પિટલ, તાલુકા પંચાયત કવાર્ટર્સ વિસ્તાર
	૪૨	૬૯	૧૧	૩૩૦	૧ થી ૫૯	કૈલાશનગર, નેહાબગ્લોઝ
	૪૬	૦	૦	૪૦૨	૧ થી ૧૦૧	પારસ સોસાયટી વિસ્તાર
	૪૭	૩૧૧	૦	૬૮૩	૧ થી ૧૨૭	હરીજનવાસ, બજાણીયા વાસ, પારસ એસ્ટેટ, વાલણીબાગ વિસ્તાર
		૧૫૬૭	**૧૧**	**૪૫૯૨**		

હદનું વર્ણન :-

(૪)વોર્ડ નં.૪માં આવેલ તાલુકા પ્રાથમિક શાળા નં.૧ના વાયવ્ય ખુણાથી શરૂ કરી તાલુકા પ્રા. શાળાની ઉત્તરે આવેલ નેનાવા રોડ ઉપર પૂર્વ તરફ આગળ વધતા સુવાવડખાનાની ઉત્તરે દિશાએ થઈ પૂર્વ તરફ આગળ વધતા જુના બસસ્ટેન્ડ નૈઋત્ય ખુણે થઈ રસ્તે રસ્તે દક્ષિણ તરફ આગળ વધતા નવીન બસ સ્ટેશનની પૂર્વ તરફ ના રોડે થઈ દક્ષિણ તરફ આગળ વધતા રોડ ક્રોસ કરી લાધાપુરા પ્રા.શાળાની પૂર્વ તરફ થઈ ધરણીધર શોપીંગના પાછળ થઈ રસ્તે રસ્તે શીતલ શોપીંગ સેન્ટરની પાછળ નૈઋત્ય ખુણે થઈ આર.એસ.હોસ્પિ. વાયવ્ય ખુણે થઈ પૂર્વ તરફ રસ્તે -રસ્તે થઈ ડીસા રોડ ક્રોસ કરી યુનિયન બેંક ના પશ્ચિમ દિશાએ થઈ ઉતર તરફ રસ્તે આગળ વધતા શીવાજી શોપીંગના વાયવ્ય ખુણે થઈ પૂર્વ તરફ માર્કેટ

રોડ તરફ લીલાશા સોસાયટીના ઉતર દિશા થઈ પૂર્વ તરફ એ.પી.એમ.સી ટાવર શોપીંગના ખુણે થઈ પૂર્વ તરફ આગળ વધતા રસ્તે રસ્તે પોસ્ટ ઓફિસની ઉતર થઈ પૂર્વ તરફ આગળ વધતા મામલતદાર ઓફિસની ઉતર દિશાએ રસ્તો ક્રોસ કરી સરકાર ગોડાઉન ની દક્ષિણ દિશાએ તાલુકા પંચાયત કચેરીની પ્રશ્ચિમે ડીસા રોડ થઈ સુદામાપુરી સોસાયટી,નીલકંઠ સોસાયટી શિવમંદિર થઈ ડીસા રોડ ક્રોસ કરી મધુસુદન પ્લાઝાની ઉતરેથી પશ્ચિમ તરફ રોડે રોડે આગળ વધતા સરકારી વસાહતના ઈશાન ખુણેથી પ્રશ્ચિમે થઈ પારસ નગર સોસાયટીની દક્ષિણ દિશા થઈ અગ્નિ ખુણે થી પશ્ચિમ તરફ કોટે કોટે આગળ વધતા રસ્તો ક્રોસ કરી પાશ્રવનાથ ફલેટ ની પ્રશ્ચિમે થઈ નેહા બંગ્લોઝ કૈલાસનગર સોસાયટી થી શેરપુરાના દક્ષિણ તરફના કોટથી પૂર્વ તરફ આગળ વધતા વલાણી બાગ વિસ્તારના ઈશાન ખુણેથી પારસ એસ્ટેટ, બજાણીવાસ,હરિજનવાસ થઈ આશીયા રોડ ક્રોસ કરી મહાકાળી ગરબા ચોકની ઉતર થઈ રામપીર મંદિર વિસ્તાર થઈ રસ્તો ક્રોસ કરી ફાયર સ્ટેશન પ્રશ્ચિમે થઈ તાલુકા પ્રાથમિક શાળા નં.૧ ના વાયવ્ય ખુણા સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં -૫

ધાનેરા નગરપાલિકા, જિ.બનાસકાંઠા

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, સત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદ વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા.વસ્તી	અ.જ.જા.વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૨૩	૪૫	૦	૬૧૪	૧ થી ૯૦	લાધાપુરા ઓડવાસ ઈદગાહ મહાકાળી મંદીર વિસ્તાર
	૨૫/૧	૨૭૨	૦	૫૬૪	૧ થી ૧૦૫	ઓડવાસ રામાપીર મંદીર વિસ્તાર
	૩૧	૯૪	૪	૮૫૮	૧ થી ૧૩૭	બેલીમવાસ નેનાવારોડ સુભાષ્ત્રારોડ વિસ્તાર
	૩૨	૨૨૭	૧૪	૫૮૮	૧ થી ૧૫૮	ઉમિયાનગર વિસ્તાર
	૩૩	૪૦	૦	૬૫૮	૧ થી ૧૦૯	શીવશકિત વિશ્વકર્મા સોસાયટી વિસ્તાર
	૩૪/૧	૧૧૯	૦	૪૮૨	૧ થી ૮૮	શેરપુરા વિસ્તાર
	૩૪/૨	૧૪૮	૧૧૩	૫૫૯	૧ થી ૧૧૫	શેરપુરા વિસ્તાર
		૯૪૫	**૧૩૧**	**૪૩૨૩**		

-: હદનું વર્ણન :-

(૫)વોર્ડ નં.૫ના રે.સ.નં. ૩૭૩ ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી સર્વે નં-૩૭૩ ની ઉત્તરે આગળ વધતા સર્વે નં- ૩૭૪, ૩૭૦, ૩૬૩, ૩૬૨, ૩૪૯, ૩૮૧, ૩૮૨, ૩૫૫, ૩૫૨ અને ૩૫૩ની ઉતર થી પૂર્વ તરફ થરાદ રોડ ક્રોસ કરી નેનાવા રોડની ઉતર તરફે થઈ દુધ ડેરીના દક્ષિણે થઈ રોડે રોડે વી.એન.સવાણી (ડી.બી.પારેખ) હાઈસ્કુલના ઉતરે થઈ ઈશાન ખુણાથી દક્ષિણ તરફ રસ્તે રસ્તે આગળ વધતા ફાયર સ્ટેશનની પશ્ચિમે થઈ રોડ ક્રોસ કરી હરિજનવાસ, રામાપીર મંદિર વિસ્તાર ઉતરે થઈ પૂર્વ તરફ ઈદગાહ અને મહાકાળી ગરબા ચોકની ઉતરે થઈ ઈશાન ખુણાથી પૂર્વ થી દક્ષિણ તરફ આશિયા રોડે રસ્તે રસ્તે આગળ વધતા શેરપુરા વિસ્તાર થઈ ઉમીયા નગર સોસયટીનો તમામ વિસ્તાર થઈ શિવશકિત વિશ્વકર્મા સોસાયટીની દક્ષિણ દિશાએ થઈ પશ્ચિમ તરફ નૈઋત્ય ખુણે થઈ પશ્ચિમ તરફ રોડ ક્રોસ કરી સ.નં.૨૮૩ની દક્ષિણ દિશાએ સ.નં.૨૮૦ અને ૨૭૯ ના પૂર્વ દિશાએ સ.નં.૨૦૮ના દક્ષિણ દિશાએ સ.નં.૨૦૯, ૨૧૪, ૨૧૫, ૨૧૬, ૨૪૩, ૨૪૬, ૨૪૭ના પશ્ચિમ દિશાએ સ.નં. ૨૪૮, ૨૪૯, ૨૫૪, ૨૫૫, ૨૫૬, ૨૫૭, ૨૬૦, ૩૦૮, ૩૦૯, ૩૧૦, ૩૧૧, ૩૧૨ અને ૩૧૩ના વાયવ્ય ખુણે ઉતર તરફ આગળ વધતા સ.નં. ૩૧૪, ૩૩૩, ૩૩૪, ૩૬૭, ૩૬૮, ૩૭૨ અને સર્વે નં-૩૭૩ના વાયવ્ય ખૂણા સુધીનો સમાવિષ્ટ થતો વિસ્તાર

વોર્ડ નં -૬

ધાનેરા નગરપાલિકા, જિ.બનાસકાંઠા

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, સત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદ વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોક નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા.વસ્તી	અ.જ.જા.વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૩૫	૦	૪	૯૩૪	૧ થી ૧૭૪	શ્રીરામ સોસાયટીઅને ધરણીધર સોસાયટી
	૩૬	૯	૬	૭૬૬	૧ થી ૧૩૯	વિશ્વકર્મા સોસાયટી, કૃષ્ણનગર, થરાદરોડ વિસ્તાર
	૩૭	૩	૧	૫૩૭	૧ થી ૧૧૧	પ્રગતિનગર સોસાયટી
	૩૮	૭	૦	૪૬૭	૧ થી ૯૭	ગાયત્રી નગર સોસાયટી
	૩૯	૦	૦	૫૭૯	૧ થી ૧૧૪	હિંગળાજનગર, તુલસીનગર
	૪૦	૦	૦	૫૫૬	૧ થી ૯૦	મહેશ્વરી સોસાયટી, રાજારામ સોસાયટી
	૪૧	૯	૧૭	૭૧૬	૧ થી૧૪૦	ચામુંડા સોસાયટી, જુના હીંગળાજનગર સોસાયટી
		૨૮	૨૮	૪૫૫૫		

હદનું વર્ણન :-

(૬) વોર્ડનં.૬ના રે.સ.નં.-૨૦૨ માં ની વાયવ્ય દિશાએ આવેલ ચામુંડા કૃપા સોસા.ની ઉતરે નેનાવા રોડે રોડે આગળ વધતા તુલસીનગર સોસાયટી થઈ તુલસીનગરના નૈઋત્ય ખુણેથી દક્ષિણ તરફ રોડે રોડે આગળ વધતા હિંગળાજનગર સોસાયટીના વાયવ્ય ખુણેથી પૂર્વ તરફ આગળ વધતા ન્ય હિંગળાજ સોસાયટીના ઈશાન ખુણેથી આશિયા રોડ ક્રોસ કરી મધુસુદન વીલાના ઉતર તરફના કોટે કોટે પૂર્વ તરફ આગળ વધતા ઈશાન ખુણે પાશ્વનાથ જૈન મંદિરની દક્ષિણ તરફ રસ્તે રસ્તે આગળ વધતા પ્રગતિનગર સોસાયટીના પૂર્વથી દક્ષિણ તરફ આગળ વધતા મહેશ્વરી સોસાયટીની પૂર્વેથી દક્ષિણ તરફ રોડે રોડે થરાદ રોડ હાઈવે ક્રોસ કરી મહેશ્વરી પાર્લરના પૂર્વ દિશાએ થી ભેરાજી માર્ગે દક્ષિણ તરફ આગળ વધતા અર્બુદાનગરની ઉતરે થઈ દક્ષિણ તરફ આગળ વધતા થરાદ બોરના નૈઋત્ય ખુણે થી દક્ષિણ તરફ સ.નં.૧૯૦, ૧૮૯, ૧૮૮, ૨૨૦, ૨૨૧ થી ૨૨૩, ૨૨૭ અને ૨૨૮ના પશ્ચિમ દિશાએ જતા સર્વે નં.૨૨૯ની વાયવ્ય દિશાએ ઉતર તરફ જતા સર્વે નંબર ૨૩૦, ૨૩૬, ૨૩૭ થી ૨૪૨, ૨૧૭, ૨૧૩ અને ૨૦૭ આવેલ કારગીલ ત્રણ રસ્તાની પશ્ચિમે થઈ થરાદ હાઈવે ક્રોસ કરી નેનાવા રોડે ઉપર તરફ જતાં સર્વે નં-૨૦૨ માં આવેલ ચામુંડા કૃપા સોસા.ના વાયવ્ય ખુણા સુધીનો સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં -૭

ધાનેરા નગરપાલિકા, જિ.બનાસકાંઠા

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક', સત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદ વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોક નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા.વસ્તી	અ.જ.જા.વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૪૩	૮૧	૨૩	૫૧૭	૧ થી ૧૦૮	વિશ્વકર્મા નગર, અર્બુદાનગર સોસાયટી વિસ્તાર
	૪૪	૨૯	૧૫	૬૨૨	૧ થી ૧૧૯	નવગ્રહ સોસાયટી, મહાવીરનગર, સરકારી વસાહત, પેટ્રોલપંપ, દીપજયોત હોસ્પિટલ વિસ્તાર

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક', સત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદ વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોક નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા.વસ્તી	અ.જ.જા.વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
	૪૫	૧૪	૩	૭૬૫	૧ થી ૧૬૪	શીવાજીનગર, નંદહરીનગર, વલાણીબાગ રોડ વિસ્તાર
	૪૮	૨૧૧	૨૧	૯૫૭	૧ થી ૧૮૮	શ્રીનાથ સોસાયટી, જલારામ નગર, મધુસુદનપાર્ક વિસ્તાર
	૪૯	૬૭	૧૯	૫૯૬	૧ થી ૧૧૭	સરસ્વતી હોસ્પિટલ, જિ.ઈ.બી. ક્વાટર્સ, વિવેકાનંદ અને ગોકુળ ફાર્મ વિસ્તાર
	૫૦	૪	૬	૬૯૭	૧ થી ૧૨૪	અંબીકાનગર સોસાયટી
		૪૦૬	**૮૭**	**૪૧૫૪**		

હદનું વર્ણન :-

(૭) વોર્ડ નં.૭ના રે.સર્વે નં-૧૬૩ માં આવેલ નંદહરી સોસાયટીના વાયવ્ય ખુણે થી શરૂ કરી સુર્યદય સ્કુલની વાયવ્ય ખુણેથી પશ્ચિમ તરફ થઈ ઉતરે શીવાજીના બાગલાથી વલાણી બાગના રસ્તે રસ્તે સ.નં.૧૯૫માં આવેલ શિવાજીનગર સોસાયટીની પશ્ચિમે ઓશવાલ ભુવન થઈ પારસનગર ના નૈઋત્ય ખુણે થઈ પૂર્વ તરફ પારસ સોસાયટીના કોટે કોટે પૂર્વ તરફ આગળ વધતા અંબિકાનગર સોસાયટીના ઈશાન ખુણાથી ઉતર તરફ રસ્તે આગળ વધતા સરકારી વસાહતના ઉતર થી પૂર્વ તરફ ડીસા રોડે રોડે પૂર્વ તરફ મધુસુદન પ્લાઝાના ખુણાથી રોડ ક્રોસ કરી પૂર્વ તરફ આગળ જતા રેલ્વે સ્ટેશન લાઈન ક્રોસ કરી સ.નં.૧૧૬, ૧૧૭, ૧૨૪, ૧૩૨ થી ૧૩૪ સુધી અને ૧૩૪ની દક્ષિણ દિશાએ જતા સ.નં.૧૩૫, ૧૩૭, ૧૪૯ અને ૧૫૦ના અગ્નિ ખુણાથી પૂર્વ દિશા તરફ સ.નં.૮૦/૧, ૮૦/૨પૈકી/૧ની પૂર્વ થી દક્ષિણ તરફ સ.નં.૮૧/૧પૈકી૧ ની પૂર્વ થી દક્ષિણ તરફથી નૈઋત્ય ખુણે થઈ ઉતર તરફ સ.નં.૧૫૧ની પૂર્વ થી દક્ષિણ દિશાએ આગળ વધતા સ.નં.૧૫૨, ૧૫૩, ૧૫૪, ૧૭૧, ૧૭૨, ૨૨૪, ૨૨૫ અને ૨૨૬ પૈકી નૈઋત્ય ખુણે થી રેલ્વે લાઈન ક્રોસ કરી સં.ન.૨૨૬ના અગ્નિ ખુણાથી ઉતર તરફ સ.નં.૨૨૪ પૈકી, સ.નં.૧૭૪, ૧૭૫, ૧૮૧, ૧૮૨, ૧૮૭, ૧૮૬ અને ૧૮૫ના વાયવ્ય ખુણા થી ગોકુલ નગર સ.નં.૧૯૧ અને અર્બુદાનગર સોસાયટીનો તમામ વિસ્તાર સમાવેશ કરી અર્બુદા નગરના ઈશાન ખુણેથી ઉતર તરફે રોડે રોડે આગળ વધતા ગોકુલ ફોર્મના પશ્ચિમે થઈ ભેરાજી માર્ગથી થરાદ હાઈવે ક્રોસ કરી રસ્તે રસ્તે સુર્યદય સ્કુલના વાયવ્ય ખુણે થઈ નંદહરી સોસાયટીના વાયવ્ય ખુણા સુધીનો તમામ સમાવિષ્ટ વિસ્તાર

આર. જી. ગોહિલ,

સચિવ.

અનુસૂચિ-૨

રાજ્ય ચૂંટણી આયોગ

ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-ધાનેરા-યુનીટ-૫-૨૦૨૫. તા-૨૪/૦૯/૨૦૨૫નું બિડાણ.

ધાનેરા નગરપાલિકાની સને-૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૨૯૫૭૮		
કુલ વોર્ડની સંખ્યા	૭		
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૪૨૨૫	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ :	૪૬૪૮
		સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ :	૩૮૦૨
બેઠકોની સંખ્યા	૨૮		

કુલ સ્ત્રી બેઠકો	૧૪	(અ.જાતિ, અનુ.આદિજાતિ અને પછાતવર્ગની સ્ત્રી માટે બેઠકો સહિત)
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૪	તે પૈકી ૨ બેઠકો અનુસૂચિત જાતિ સ્ત્રી
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી ૧ બેઠક અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૮	તે પૈકી ૪ બેઠકો પછાતવર્ગ સ્ત્રી
કુલ અનામત બેઠકો	૨૦	
સામાન્ય બેઠકો	૮	

અ.નં	**વોર્ડ નંબર**	**વોર્ડની વસ્તી**	**પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત**	**બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત**	**ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત**	**ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત**
૧	૧	૩૯૨૬	પછાત વર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૪૦૦૩	અનુસૂચિત જાતિ	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
૩	૩	૪૦૨૫	પછાત વર્ગ	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
૪	૪	૪૫૯૨	અનુસૂચિત જાતિ	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
૫	૫	૪૩૨૩	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
૬	૬	૪૫૫૫	પછાત વર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૭	૭	૪૧૫૪	પછાત વર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
કુલ		**૨૯૫૭૮**				

આર. જી. ગોહિલ,

સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.09.29 08:38:51 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar